આજે સાબરકાંઠા, અરવલ્લી, જિલ્લા-તાલુકા પંચાયતના પરિણામ પર સૌની નજર

ધોમધખતા તાપમાં પણ ઉંચા મતદાનથી ભાજપમાં ખુશાલી, કોંગ્રેસે પણ ખુશાલીમાં ઝંપલાવ્યું

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૦૧

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા પંચાયત, ૧૪ તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી રવિવારે યોજાયા પછી બમ્પર મતદાનથી ભાજપમાં ખુશાલી જોવા મળી છે. કોંગ્રેસે પણ મોંઘવારીથી ત્રસ્ત પ્રજાએ મતદાનથી રોષ ઠાલવ્યાના નિવેદનો આપીને ખુશાલીમાં ઝંપલાવ્યું છે. સોમવારે બપોરે ૧-૦૦ કલાક સુધીમાં તમામ પરિણામો જાહેર થઈ જશે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા પંચાયતમાં ભાજપનો ભગવો લહેરાશે કે પછી કોંગ્રેસ પોતાનો ગઢ જાળવી રાખશે..ની જો અને તો ની ગણતરી મોંડી રાત સુધી રાજકીય પક્ષોના કાર્યાલય ઉપર મંડાતી હતી.

મોંઘવારી, કોરોના, રોજગારી ગુમાવવા સહિતના તમામ મુદ્દા ૧ મહિના માટે અદ્રશ્ય થઈ ગયા અને આ માટે કોઈ દૈવી શક્તિની તાકાત જવાબદાર ન હતી પરંતુ સ્થાનિક સ્વરાજ્યનો ચૂંટણી જંગ જવાબદાર હતો કારણ કે પ્રજા થી મોંડી રાજકીય પક્ષો અને આગેવાનો ચૂંટણીના જંગમાં એટલી હદે પરોવાયા કે પ્રજાને લગતી સમસ્યાઓ હોંશિયામાં ધકેલાઈ ગઈ. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ૩૫ ડિગ્રી તાપમાન વચ્ચે પણ બમ્પર મતદાને બંન્ને રાજકીય પક્ષોની ઉંઘ હરામ કરી દીધી હોય તેવું બની શકે તેમ છતાં ભાજપ સંગઠને સમગ્ર જિલ્લામાં ફતેહ મેળવવાનો દાવો કર્યો છે. ત્યારે કોંગ્રેસ પણ મોંડે મોંડે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લો કોંગ્રેસનો ગઢ છે તે ફરી પૂરવાર કરીશું તેમ જણાવી રહ્યા છે. જિલ્લામાં જે રીતે શહેરી કરતાં ગ્રામ્ય વિસ્તારોમાં ઉંચા મતદાનની વિગતો સામે આવી છે તે જોતાં બંન્ને પક્ષોમાં અંદરખાને ફડક પણ પડી છે તેમ છતાં મોટાભાગે સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગમાં ભાજપ-કોંગ્રેસના ઉમેદવારો વચ્ચે સીધો જંગ જોવા મળ્યો. હિંમતનગર, તલોદ, પ્રાંતિજ, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર, ભિલોડા, મેઘરજ, મોડાસા, ધનસુરા, માલપુર અને બાયડ સહિતના કુલ-૧૬ સ્થળે મત ગણતરી યોજાવવાની છે. ઈ.વી.એમ.થી મતદાન યોજાયું હોવાથી માત્ર ગણતરીના કલાકોમાં જ પરિણામ જાહેર થઈ જશે. મત ગણતરી સ્થળે અનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ ઉપર પાબંધી ફરમાવવાની સાથે મત ગણતરી સ્થળે લોકટોળાં એકત્ર કરવા ઉપર પાબંધી ફરમાવવામાં આવી છે.

આજે ફેંસલો : જંગલ અને કાગળ ઉપરનો ટાઈગર કોણ..??

ચૂંટણી જંગ : બાયડ પાલિકાના ૪૯ ઉમેદવારોના ભાવિનો ફેંસલો : ગત ચૂંટણી કરતાં ૪ ટકા મતદાન ઘટ્યું, ભા.જ.પ.-કોંગ્રેસના જીતના દાવામાં કેટલો દમ..??

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૦૧

બાયડ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે રવિવારે મતદાન યોજાયું હતું. મંગળવારે સવારે ૯-૦૦ કલાકે બાયડ હાઈસ્કુલમાં મત ગણતરી યોજાવવાની છે. બાયડ પાલિકામાં ૧૧,૩૪૭ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો છે. ગત ચૂંટણીમાં ૧૦,૬૨૫ મતદારોએ મતદાન કર્યું હતું. બાયડ પાલિકામાં સરેરાશ ૭૭.૮૯ ટકા મતદાન થયું છે જે ગત ચૂંટણી કરતાં ૪.૪૧ ટકા ઓછું મતદાન છે. બાયડમાં જંગલ અને કાગળ ઉપરનો ટાઈગર કોણ..?? તે આજે નક્કી થશે અને આ સાથે અનેક વૃદ્ધ આગેવાનોનું રાજકીય ભવિષ્ય પણ કઈ દીશા તરફ જશે..?? તે મતદારો ચૂકાદો આપી દેશે. સારા મતદાનથી ભાજપ અને કોંગ્રેસે જીતના દાવા કર્યા છે. બાયડ પાલિકામાં ૪૯ ઉમેદવારોમાંથી નસીબવંતા કયા ૨૪ ઉમેદવારો પોતાના વોર્ડનું પ્રતિનિધિત્વ કરશે તેના ઉપર સમગ્ર નગરની મીટ મંડાઈ છે.

૬ પૂર્વ પ્રમુખોના ભાવિનો આજે ફેંસલો

બાયડ પાલિકાના ચૂંટણી જંગમાં ૬ પૂર્વ પ્રમુખોએ ઝંપલાવ્યું છે ત્યારે મતદારો પૂર્વ પ્રમુખોને પોતાના પ્રતિનિધિ તરીકે નગરપાલિકામાં મોકલશે કે પછી લીલા તોરણે ઘરે રવાના કરશે..?? તેના ઉપર પણ બાયડના નગરજનોની મીટ મંડાઈ છે.

મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપે કોંગ્રેસને ભૂંડી રીતે પરાસ્ત કરતાં કોંગ્રેસને હજુ કળ વળી નથી ત્યાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસને અસ્તિત્વ ટકાવવા માટે જજૂમવાની નોબત આવી છે. તા.૨૮ના રોજ બાયડ પાલિકાની ૬ વોર્ડની ૨૪ બેઠક માટે ૧૮ મતદાન મથકો ઉપર મતદાન યોજવામાં આવ્યું. તમામ બુથ ઉપર ઉગ્ર બોલાચાલી અને ઘૂરકીયાં ભર્યાં દ્રશ્યો મતદારોએ નિહાળ્યાં કેટલાકે તો મતદાન વખતે જ ઉમેદવારો અને તેમના ટેકેદારોનું આંકલન કરી લીધું. બાયડ પાલિકામાં નોંધાયેલા ૧૪,૫૬૮ મતદારોમાંથી ૧૧,૩૪૭ મતદારોએ મતદાન કર્યું જેમાં પુરૂષ મતદારોએ ૭૮.૫૦ ટકા અને સ્ત્રી મતદારોએ ૭૭.૨૫ ટકા મત નાખ્યા હતા. ભાજપને બાયડ પાલિકામાં સાયલેન્ટ મતદારો ભવ્ય વિજય અપાવશે તેવું શહેર સંગઠને જણાવ્યું છે.

રાજકીય પ્રયોગ શાળા તરીકે ઓળખાતા

બાયડ પાલિકાના ચૂંટણી પરિણામ પર સૌની નજર

ભાજપ ઈતિહાસ રચવા મક્કમ, કોંગ્રેસમાં પરિણામ અગાઉ જ ફાટફૂટની સ્થિતિ

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૦૧

જિલ્લાની રાજકીય પ્રયોગશાળા ગણાતા બાયડ તાલુકાના ચૂંટણી પરિણામો ઉપર સૌની નજર છે. સોમવારે સવારે ૯-૦૦ કલાકે બાયડ હાઈસ્કુલ કેમ્પસમાં બાયડ પાલિકાના ૬ વોર્ડની મત ગણતરી શરૂ થશે. જે રીતે મતદારો અને પ્રજાએ પ્રથમ દિવસથી ભાજપ તરફી ખુલ્લેઆમ ઉમળકો દેખાડ્યો તે જોતાં ભાજપ બાયડ પાલિકાના ઈતિહાસમાં સર્વાધિક બેઠક મેળવી ઈતિહાસ રચશે તેવું સંગઠન હોદ્દેદારોએ જણાવ્યું છે. જ્યારે કોંગ્રેસમાં પરિણામ અગાઉ જ ફાટફૂટની સ્થિતિ જોવા મળી છે. પોતાની જાતે બની બેઠેલા કોંગ્રેસના એક આગેવાને બાયડ પાલિકા વોર્ડ નં.૧ માં કોંગ્રેસમાંથી ચૂંટણી લડતા ઉમેદવારને મતદાન મથકની બહાર ડોબા કહીને બોલાવતાં આ મામલો કોંગ્રેસમાં ગરમાયો છે અને બેલગામ બની ગયેલા મહાશયને વાણી ઉપર સંયમ રાખવાની સૂચના આપ્યાનું પણ જાણવા મળ્યું છે.

ચૂંટણી જોવી છે, જંગ જોવો છે, તો બાયડ પાલિકાના ચૂંટણી જંગને જોઈએ આવો. એક પખવાડીયાના ચૂંટણી જંગને માણવા માટે જિલ્લા તેમજ અન્ય જિલ્લાના ખૂણે..ખૂણેથી લોકો આવ્યા હતા. કોઈકે તો રેલી માટે પણ અન્ય વિસ્તારમાંથી લોકો બોલાવીને ઠઠારો કર્યો પરંતુ પોલ પકડાઈ ગઈ છે. તા.૨૮ ફેબ્રુઆરીએ બાયડ પાલિકામાં જે રીતે મતદારોએ કચકચાવીને મતદાન કર્યું તેમાં હેરાનગતિનો આક્રોશ સ્પષ્ટ જોવા મળ્યો. હજારો મતદારોએ જે રીતે માત્ર કમળના નિશાનને મત આપ્યાનું મતદાન મથકની બહાર આવીને જાહેરમાં જણાવ્યું તે સાંભળીને જ કેટલાક કોંગ્રેસીઓના પેટમાં તેજાબ રેડાયા જેવી વેદના થઈ હશે. બાયડ પાલિકામાં વિક્રમી મતદાન પછી કોંગ્રેસના કેટલા નેતાઓની ઉંઘ હરામ થઈ ગઈ છે તે ભાજપના ચકોર આગેવાનોએ સમી સાંજથી ગણતરી માંડી હતી. ગત રોજ મતદાન પુરૂ થયા પછી બાયડમાં ભાજપના કાર્યાલય ઉપર હજારોની સંખ્યામાં લોકો ઉમટ્યા તે જ ભાજપની ઐતિહાસિક જીતનું પરિણામ અગાઉનું ટ્રેલર હતું. જ્યારે કોંગ્રેસના કાર્યાલય ઉપર તો કાગડા ઉડ્યા જેવી સ્થિતિ છે.

કોંગ્રેસ ડૂબી રહી છે, ભાજપ ૨૦ થી વધુ બેઠકો મેળવશે

બાયડ પાલિકાના ચૂંટણી જંગમાં સરેરાશ ૭૮ ટકા મતદાનથી કેસરીયા છાવણીમાં ખુશાલી છવાઈ છે. આજે મત ગણતરી છે ત્યારે મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો મત ગણતરી સ્થળે ઉમટવાની સંભાવના છે. ત્યારે બાયડ શહેર ભાજપ સંગઠન પ્રમુખ સ્નેહલ પટેલ, પૂર્વ પ્રમુખ ઘનશ્યામભાઈ પટેલ, બાયડ પાલિકા પૂર્વ પ્રમુખ અરવિંદભાઈ પ્રજાપતિ, ભલુભાઈ પટેલે રણકા સાથે જણાવ્યું કે બાયડમાં કોંગ્રેસ ડૂબી રહી છે. ભાજપ ૨૦ થી વધુ બેઠકો મેળવી બાયડ પાલિકાના ઈતિહાસમાં નવી કેડી કંડારશે.

વિદ્યાર્થીઓની કારકીર્દી કરતાં ચૂંટણી મહત્વની

જિલ્લામાં ધો.૩ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે આજથી સામાયિક કસોટીનો પ્રારંભ

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૦૧

રાજ્ય સરકાર શિક્ષણ વિભાગની મુશ્કેલી હોય તો હોંશિયામાં ધકેલે છે પરંતુ ચૂંટણી આવે તો વિદ્યાર્થીઓના હિત પણ જોવામાં આવતા નથી. અગાઉથી ધો.૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ફેબ્રુઆરી મહિનાના અંતમાં સામયિક મૂલ્યાંકન કસોટીની જાહેરાત થઈ હતી. પરંતુ પ્રાથમિક શાળા અને હાઈસ્કુલના સ્ટાફને ચૂંટણીની કામગીરીમાં જોડાતાં સામયિક કસોટી મુલત્વી રાખવામાં આવી હતી જે હવે આજે તા.૨ થી ૪ માર્ચ સુધી યોજવામાં આવશે. જ્યારે ઘરે બેઠા પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓએ તા.૧૨ માર્ચ સુધીમાં ઉત્તરવહી શાળાએ પહોંચાડવી પડશે. જિલ્લામાં આજથી શરૂ થતી સામયિક કસોટીમાં ૩,૬૦,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

કોરોનાનો ડર છતાં એકંદરે સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓમાં શિક્ષણ કાર્ય ધબકતું થયું છે. શાળાઓમાં ઓફલાઈન શિક્ષણ શરૂ થતાં વાલીઓને પણ ઘણી રાહત થઈ છે. જ્યારે અનેક વિદ્યાર્થીઓ ઘેર બેઠાં બેઠા ડિપ્રેશનનો શિકાર બન્યા હતા તેવા પણ હળવાફુલ થઈ ગયા છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂરી થયા પછી હવે શિક્ષણ ઉપર સરકાર અને વિભાગે વધુ ધ્યાન આપવું પડશે નહીંતર શિક્ષણ અધોગતિ તરફ ધકેલાઈ શકે છે. તા.૨૮ ફેબ્રુઆરીએ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ૪ નગરપાલિકાની ચૂંટણીના કારણે સામયિક કસોટી મુલત્વી રહી હતી. પરંતુ હવે મુલત્વી રહેલી કસોટી યોજવા માટે જી.સી.ઈ.આર.ટી. દ્વારા તાકીદ કરાતાં આજથી ધો.૩ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે કસોટીનો પ્રારંભ થવાનો છે.

વીરાવાડા પાસે સાબર કોટન પ્રાઈવેટ લિમિટેડ જીનિંગ મિલમાં આગ

હિંમતનગર - શામળાજી નેશનલ હાઈવે નંબર ૮ ઉપર વીરાવાડા પાસે આવેલ સાબર કોટન પ્રાઈવેટ લિમિટેડ નામની જીનીંગ મીલમાં ગત રોજ સોમવારે આ શ્રી બપોરના ત્રણેક વાગ્યાના સમયગાળા દરમિયાન જીનિંગ મિલમાં મશીનરીમાં કોંક્રિટના ઘર્ષણ ના કારણે એકાએક ભીષણ આગ ફાટી નીકળી હતી જેની પગલી પારગી ની ટીમલી વાળા બે કલાકની ભારે જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવવામાં સફળતા મળી હતી જોકે સદ્નસીબે કોઈ જાનહાની થવા પામી ન હતી.

મહિલા શિક્ષણાધિકારીની નવતર પહેલ

અરવલ્લી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં દિકરીઓનો ડ્રોપ આઉટ ઘટાડવા માટે નવતર અપીલ

૨૦૦ ગ્રામ પંચાયતના સરપંચને મહાયજ્ઞમાં સામેલ થવા આહવાન

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૦૧

નારી શક્તિથી સર્વ પરિચિત છે ત્યારે અરવલ્લી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં દિકરીઓનો ડ્રોપ આઉટ ઘટાડવા માટે મહિલા અધિકારી સ્મિતાબેન પટેલે નવતર પહેલ કરી છે. જિલ્લાની ગ્રામ પંચાયતો પૈકી ૨૦૦ ગ્રામ પંચાયતોના સરપંચને તેમના વિસ્તારમાં દિકરીઓ અભ્યાસ ચાલુ રાખે તે માટેના પ્રા.શિક્ષણ વિભાગના પ્રયાસમાં સામેલ થવા માટે અપીલ કરવામાં આવી છે.

દિકરી એક સાથે બે કૂળ તારી શકે છે. પરંતુ કોઈને કોઈ કારણોસર સુવિધાયુક્ત સરકારી પ્રાથમિક શાળાઓના નિર્માણ પછી પણ દિકરીઓનો ડ્રોપ આઉટ રેસિયો ઘટી રહ્યો છે. શાળાઓમાં દિકરીઓ માટે અલગ શૌચાલય, બેઠક વ્યવસ્થા સહિતની સુવિધા પછી પણ આવું કેમ..?? નવરચિત અરવલ્લી જિલ્લામાં અત્યાર સુધીમાં ૩ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ ફરજ બજાવી છે. ગત વર્ષથી જિલ્લાથી પરિચિત સ્મિતાબેન પટેલની અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી તરીકે નિયુક્તિ કર્યા પછી કેટલાક હિંમત ભર્યા નિર્ણયોની પ્રા.શિક્ષકો પ્રસંશા કરી રહ્યા છે પરંતુ વધ-ઘટ બદલી કેમ્પમાં પ્રા.શિક્ષકોને યોગ્ય ન્યાય નથી મળ્યો તે વસવસો પણ ટકોરના સ્વરૂપમાં સાંભળવા મળ્યો છે ત્યારે અરવલ્લી જિલ્લામાં દિકરીઓ સારૂ ભણે, એક સાથે બે કૂળ તારે તે માટે સામાજીક દાયિત્વ નિભાવતા આગેવાનો, સરપંચો પણ પ્રા.શિક્ષણ વિભાગના આ મહાયજ્ઞમાં સહભાગી બને તેવા ઉદ્દેશ્યથી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા તમામ સરપંચોને અપીલ કરતો પત્ર મોકલવામાં આવ્યો છે અને અનુરોધ કર્યો છે કે આપના ગામની દરેક શાળાએ જતી દિકરીના વાલીને તેનો અભ્યાસ ચાલુ રાખવા સમજાવશો અને જ્યાં અમારા વિભાગની જરૂર હોય તો ધ્યાન દોરશો.


"એકભણેલી દીકરી બે કુળ તારે છે"

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી
જિલ્લા શિક્ષણ સમિતિ,અરવલ્લી-
મોડાસા-૩૮૩૩૫
Phone No. 02774-250029
E-mail :- dpeoarvalli@gmail.com

અપીલ

પરમ આદરણીય સરપંચશ્રી,
.....
.....

આપશ્રી સેંકડોવાત્સલ્યમૂર્તિ સમીદીકરીઓ ધરાવતા ગામના મોભી છો. આપ પાસે કોઠાસૂઝ, કુનેહ અને કરૂણા છે માટે આપ ગામના સરપંચ જેવા સેવાકીયહોદ્દા પર સતકર્મના સારથી બની રહ્યા છો.

માનવ ઘડતર અને માનવ કલ્યાણમાં પ્રેરક ભૂમિકા ભજવનાર ઉદીપક એટલે શિક્ષણ. ભણતરથકી જ માનવ વિકાસ, કરૂણા, સમજ, વિવેક જેવા ગુણ કેળવે છે. આપના ગામની દીકરી ભવિષ્યમાં કોઈનીદિયા કે અહેસાનની મોહતાજ ન રહે તે માટે તેને શિક્ષણ આપવું જરૂરી છે. આ સાક્ષાત ઉર્જાની દેવી સમીદીકરીઓનુંભવિષ્યઉજ્જવળ બનાવવું તે આપણા સૌની ફરજ છે.કોરોના સંક્રમણ કાળ દરમિયાન લગભગ એક વર્ષ સુધી વિદ્યાર્થીઓશાળાથી દૂર રહ્યા છે. આપના ગામની દીકરીઓ હવે જ્યારે શાળા ખૂલે ત્યારે શાળામાંથી ડ્રોપ આઉટ એટલે કે શાળાએ જવાનું બંધ ન કરી દે તે માટે આપણેસહિયારા પ્રયત્નો કરવાના છે. આપ આપના ગામનીદરેકશાળાએ જતી દીકરીના વાલીને તેનો અભ્યાસ ચાલુ રાખવા સમજાવશો. જોઆમારાવિભાગની ક્યાંય મદદની જરૂર હોય તો શાળાનો સ્ટાફ સદાય આપની સાથે રહેશે. આપણા સૌનું લક્ષ્ય છે આપણા ગામની, રાજ્યની, દેશનીઆવતીકાલ ખૂબ ઉજ્જવળ બને. આવો સાથે મળીને આ તમામ લાડકવાયીદીકરીઓનાઅભ્યાસનેસુનિશ્ચિત કરીએ.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા શિક્ષણ સમિતિ
અરવલ્લી,મોડાસા

લોકશાહીનો સાચો વફાદાર, ભારત દેશનો આજનો મતદાર

નવા શાસકો ઉપર સૌથી મોટી આશા, સોસાયટીઓની બદત્તર હાલત

શહેરી વિસ્તારને પાંજરાપોળ જાહેર કરો, પ્રજાનો આક્રોશ
મોડાસા-બાયડમાં રખડતી ગાયોથી માર્ગો ગમાણમાં ફેરવાયા

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૦૧

આજે બંન્ને નગરપાલિકાની ચૂંટણીનું પરિણામ જાહેર થવાનું છે ત્યારે નવા શાસકો ઉપર પ્રજાને મોટી આશા છે. પાછલા ૪-૫ વર્ષથી મોડાસા અને બાયડના શહેરી વિસ્તારમાં જાહેર માર્ગો, સોસાયટીના માર્ગો ઉપર રખડતી ગાયોના અડીંગા જામ્યા છે અનેક રાહદારીઓને રખડતી ગાયોએ હડફેટમાં લઈ મરણતોલ ઈજા પહોંચાડી હતી છતાં પાલિકાના ઢોરવાડા માત્ર નામપૂરતા રહ્યા. ત્યારે હવે માલધારીઓ સાથે બેઠકો યોજી રખડતી ગાયોના ત્રાસથી પાલિકા વિસ્તારોને મુક્ત કરવામાં આવે તેવી પ્રજાની સામૂહીક માંગ સામે આવી છે.

બંન્ને પાલિકા વિસ્તારોમાં ઢોરવાડા માગે મામૂલી બજેટ ફળવાય છે. સોસાયટી વિસ્તારોમાં અનેક લોકોની ગેરકાયદે અવર જવર અને રખડતાં ઢોરની અવર જવર અટકાવવા માટે રહીશો દ્વારા સ્વયં વાડાબંધી કરવામાં આવે તો પાલિકાને ગમતું નથી અને તે હટાવવા માટે નોટિસો ફટકારે છે.

સોસાયટીના રહીશોને વાડાબંધી કેમ કરવી પડે..?? બાયડ અને મોડાસામાં વહેલી પરોઢે મુખ્ય માર્ગો અને સૂરજ ઉગ્યા પછી સોસાયટી વિસ્તારોમાં રખડતી ગાયોનાં ધાડેધાડાં જોવા મળી રહ્યાં છે. ગંદીગોબરી રખડતી ગાય જ્યાંથી નિકળે ત્યાં અસહ્ય દુર્ગંધ પ્રસરે છે જેથી રખડતી ગાયો ઉપર અંકુશ મેળવવા કોઈ પગલાં ભરાતાં નથી અને કોઈ જાગ્રત નાગરિકો દ્વારા કામગીરી થાય તો તેમાં ખલેલ પહોંચાડવામાં આવી રહી છે.

અગાઉ રખડતી ગાયના કારણે બાયડ અને મોડાસામાં અડધો ડઝનથી વધુ લોકો ઘાયલ થયા હતા છતાં રખડતી ગાયોના ત્રાસમાંથી પ્રજાને મુક્તિ મળી નથી. છેવટે કંટાળેલા રહીશો અને વેપારીઓ પાલિકા તંત્ર યોગ્ય પગલાં નહીં ભરે તો રખડતાં ઢોરને પકડીને પાંજરાપોળ ધકેલી દેશે તેવો આકોશ જોવા મળી રહ્યો છે.

અરવલ્લીના કાલેશ્વર ઈજનેર, ફરજમાં સરકારના ૪૦ થી વધુ વખત ચાબુક પડ્યા પરંતુ સુધર્યા નહીં

અરવલ્લી જિલ્લામાં રાજકીય જંગ પરાકાષ્ટાએ હતો ત્યારથી અરવલ્લીના કાલેશ્વર ઈજનેર જોરદાર ચર્ચામાં રહ્યા છે. કહેવાય છે કે તેઓ ફરજમાં હતા ત્યારે સરકારના ૪૦ થી વધુ વખત ચાબુક પડ્યા પરંતુ કૂતરાંની પૂંછડી ભૂમિમાં નાખો તો પણ વાંકી તે વાંકી..તેમાં કોઈ સુધારો થયો નથી. આમ તો પોતાનામાં કોઈ હોંશિયારી નથી પરંતુ સ્વયં પોતાની જાતને હોંશિયાર ગણે છે. પાણી નિકાલની યોજનામાં સરકારના એક મંત્રીને શીખામણ આપવા ગયા ત્યારે ખુદ બચાવની સ્થિતિમાં આવી જતાં આજે એ દ્રશ્યો પણ આ વિસ્તારની પ્રજા યાદ કરીને મનમાં ને મનમાં મલકાય છે. બેનામી સંપત્તિ ભેગી કરી છે પરંતુ પકડાઈ જવાની બીકે ધનસુરા થી બોરલ સુધીના રોડ ઉપર સગા સબંધીઓના નામે જમીન અને રીયલ એસ્ટેટમાં રોકાણ કર્યું છે.

દરેક બાબતમાં દોઢ ડાહ્યા બનવું તેવી આગવી ઓળખ ધરાવતા અરવલ્લીના કાલેશ્વર ઈજનેર પાસે છેલ્લા કેટલાક સમયથી કોઈ કામ નથી. પરંતુ પોતાના વિભાગમાં ક્યાં ખોટું થાય છે, ક્યાં વધુ મલાઈ મળે..તે શોધી કાઢી વિભાગના ઉચ્ચ અધિકારીની વિરૂદ્ધમાં અખબારો સુધી માહિતી પહોંચાડે અને પછી પોતે તેમાં કૂદી પડે અને છાપ એવી ઉભી કરે કે કાલેશ્વર ઈજનેર હોય તો જ ડીપાર્ટમેન્ટનો ભ્રષ્ટાચાર દબાવી શકે. વાસ્તવમાં કાલેશ્વર ઈજનેર સમગ્ર તરકટનો મુખ્ય સૂત્રધાર હોય છે. જ્યાં જ્યાં ફરજ બજાવી ત્યાં ત્યાં સ્ટાફમાં ફાટફૂટ પડાવી પોતાની માનસિક્તાનો સૌને પરચો કરાવ્યો છે. અત્યારે તો સ્થિતિ એ છે કે કાલેશ્વર ઈજનેર ૫૦૦ ફૂટ દૂર દેખાય તો તેમના સાથીદારો રવાના થઈ જાય છે. નવરો બેઠો નખ્ખોદ વાળે..તેમ હવે કોઈ કામ-ધંધો ન રહેતાં કાલેશ્વર ઈજનેરને રાજકારણમાં રસ પડ્યો છે પરંતુ હવે કાલેશ્વરે જે હોડકામાં ઝંપલાવ્યું છે તે હોડકું જ ડૂબવાનું છે. કહેવાય છે કે કાલેશ્વર ઈજનેરને શરાબ અને જુગારનો બહુ મોટો શોખ છે. લોકવાયકા તો એવી છે કે એક વખત કાલેશ્વર ઈજનેર ગોવા ગયો ત્યારે અનહદ શરાબ પીધા પછી કપડાં ઉતારીને પતંગ ચગાવ્યો હતો. જો કે આ વાત કોઈ લોકો સ્વીકારવા માટે તૈયાર હોય કે ન હોય પરંતુ તેમના ૨-૩ મળતિયા ટેકનિશીયનો સાહેબને બરાબરના ઓળખે છે. એક શેખચલ્લીએ તો એવું પણ જણાવ્યું કે થોડા સમય અગાઉ મામલતદાર કક્ષાના એક અધિકારીને વાત્રક ડેમ નજીકના ગેસ્ટહાઉસમાં દારૂ ઢીંચાવ્યા પછી શું થયું હતું..?? તે મામલો રાજ્ય સરકારના વિભાગના મંત્રી સુધી પહોંચ્યો હતો.

દુ:ખદ અવસાન

બાયડ : બાયડ ગામના નેહલભાઈ પટેલ અને ધીમેશભાઈ પટેલના પિતા કિરીટભાઈ

પ્રેમજીભાઈ પટેલનું નિધન થતાં સ્વર્ગસ્થની અંતિમ યાત્રામાં અનેક લોકો જોડાયા હતા. સ્વર્ગસ્થનું બેસણું તા.૪ માર્ચ, ગુરૂવાર સવારે ૯ થી ૨ તેમના નિવાસસ્થાન વ્રજગાર્ડન સોસાયટી, ચોઈલા રોડ, બાયડ ખાતે રાખેલ છે.